# વિભાગીય સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા છોટાઉદેપુર જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં મગ-અડદની પીળા પંચરંગીયા પ્રતિકારક સુધારેલી જાતોનું વિનામૂલ્યે બિયારણ વિતરણ

મધ્ય ગુજરાતમાં કઠોળ પાકોનો વ્યાપ અને ઉત્પાદન વધારવા તથા ખેડૂતોની આવકમાં વધારો થાય તે હેતુસર આણંદ કૃષિ યુનિવર્સિટીના વિભાગીય સંશોધન કેન્દ્ર દ્વારા છોટાઉદેપુર જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં મગ અને અડદની ઉચ્ચ ઉત્પાદન ક્ષમતા ધરાવતી તથા પીળા પંચરંગીયા (YMV) રોગ સામે પ્રતિકારક સુધારેલી જાતોનું બિયારણ વિતરણ કરવામાં આવ્યું. કઠોળ આત્મનિર્ભરતા મિશન અંતર્ગત ભારત સરકાર કઠોળ પાકોના વિસ્તાર અને ઉત્પાદનમાં વધારો થાય તેમજ દેશ કઠોળ ઉત્પાદનમાં સંપૂર્ણ સ્વનિર્ભર બને તે માટે સતત અને સુવ્યવસ્થિત પ્રયત્નો કરી રહી છે.

તા. ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ એડેપ્ટિવ ટ્રાયલ યોજના અંતર્ગત છોટાઉદેપુર તાલુકાના રંગપુર અને મોટી સધલી આસપાસના વિસ્તારો તેમજ પાવી જેતપુર તાલુકાના કલારાણી ગામ આજુબાજુના કુલ અંદાજે ૧૬૦ જેટલા ખેડૂતોને મગની 'હરામોતી' તથા અડદની "શ્યામલ" જાતનું ૮૦૦ કિલોગ્રામ જેટલું બિયારણ વિનામૂલ્યે આપવામાં આવ્યું.

આ કાર્યક્રમ યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરીયા તથા સંશોધન નિયામકશ્રી ડૉ. એસ. એન. શાહના માર્ગદર્શન હેઠળ અને વિભાગીય સંશોધન કેન્દ્રના વડા ડૉ. એમ. બી. પટેલના નેતૃત્વમાં કૃષિ સંશોધન કેન્દ્ર, જબુગામના સહકારથી સફળતાપૂર્વક યોજાયો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન તથા આયોજન ડૉ. વિનોદ બી. મોર, સહ સંશોધન વૈજ્ઞાનિક તથા ડૉ. પ્રકાશ જી. ગમાર, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડૉ. પ્રકાશ જી. ગમાર દ્વારા ઉનાળુ કઠોળ પાકોની આધુનિક ખેતી પદ્ધતિ, યોગ્ય વાવણી સમય, સંતુલિત ખાતર વ્યવસ્થાપન, જીવાત અને રોગ નિયંત્રણ તેમજ વધુ ઉત્પાદન મેળવવાના ઉપાયો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.

મગની 'હરામોતી' તથા અડદની "શ્યામલ" જાતો વધુ અને સ્થિર ઉત્પાદન આપતી સાથે ઉનાળામાં આવતા પીળા પંચરંગીયા રોગ સામે પ્રતિકારકતા ધરાવતી હોવાથી ખેડૂતો માટે આર્થિક રીતે ખૂબ લાભદાયી સાબિત થશે. એડેપ્ટિવ ટ્રાયલ યોજનાના માધ્યમથી ખેડૂતોને પોતાની જમીન પર જ આ જાતોની કાર્યક્ષમતા અનુભવવાની તક મળશે. આ પહેલ દ્વારા છોટાઉદેપુર જિલ્લામાં કઠોળ પાકોના ઉત્પાદન અને ઉત્પાદકતામાં વધારો થશે તેમજ ખેડૂતોની આવક વૃદ્ધિમાં નોંધપાત્ર યોગદાન મળશે.








AAU
Agricultural Research Station
&
Training Centre
ANAND AGRICULTURAL UNIVERSITY
JABUGAM - 391 155, Ta.: Bodeli, Dist.: Chhotaudepur

